# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો શ્રી પ્રવચનસાર ગાથા ૮૦ તથા બહેનશ્રીના વચનામૃત બોલ ૬, ૯, લંડન તા. ૧૯-૦૭-૧૯૮૨, પ્રવચન ન. LonHm43

Version 1

૮૦ ગાથા પ્રવચનસાર શાસ્ત્ર. એનું મથાળું. **'હવે મારે મોહની સેનાને કઈ રીતે જીતવી' - એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે**. અહીંયાં આ ગાથામાં મોહનો અર્થ છે દર્શનમોહ અર્થાત્ મિથ્યાત્વના પરિણામ. એનો અભાવ કેમ થાય? ભાવમોહનો અભાવ કેમ થાય? એની મુખ્યતાથી આ ગાથા છે.

એમાં પ્રથમ આચાર્ય ભગવાન પોતે પ્રાકૃતમાં ગાથા ફરમાવે છે.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥८०॥**
**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લે ખરે. ૮૦.**

એનો **અન્વયાર્થ**:- ગાથાનો ટૂંકો અર્થ. **જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લે પામે છે.**

**ટીકા**:- એટલે એનો વિસ્તાર. **જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે**. પહેલો, અહીંયાં સીધો આત્માને જાણવાની વાત ન કરતાં, એક અવલંબન આપે છે કે તારો આત્મા કેના જેવો છે? તને તારા આત્માનો અનુભવ નથી પણ તને એક હું અવલંબન આપું. ત્યાં તું જો અને પછી તું તારા સામે જો. તો તને સહેલું પડશે આત્માનું સ્વરૂપ સમજવામાં. કે જો! તેં અર્હંત પરમાત્માને તો તેં શ્રદ્ધામાં લીધા છે. તો અર્હંત પરમાત્મા, એને દ્રવ્યપણે જાણ કે એનું દ્રવ્ય પરિપૂર્ણ અને શુદ્ધ છે.

અને એના જે ગુણો છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ આદિ, બધા શક્તિરૂપે ગુણો એ પણ પરિપૂર્ણ અને શુદ્ધ છે. અને એની જે પર્યાય પ્રગટ થઈ છે કેવળજ્ઞાનની, એ પણ પરિપૂર્ણ પ્રગટ થઈ ગઈ છે અને શુદ્ધ છે. એના દ્રવ્યમાં પણ જ્ઞાન, એના ગુણમાં પણ જ્ઞાન, અને એના પરિણામમાં પણ જ્ઞાન. એટલે દ્રવ્ય અને ગુણ, એ બેમાં જાણવાની અને દેખવાની શક્તિઓ છે. અને એના પરિણામમાં જાણવાની શક્તિની વ્યક્ત અવસ્થા પ્રગટ થઈ ગઈ છે. એટલે અરિહંત પરમાત્મા, માત્ર જાણક એવો જે પોતાનો સ્વભાવ એને સમયે-સમયે કેવળજ્ઞાન વડે જાણે છે, અને દર્શન ગુણ વડે દેખે છે. પોતાને જાણતાં પર પદાર્થને પણ જાણે છે. પણ એનો સ્વભાવ જાણવા રૂપે પ્રગટ થયો છે. કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું છે તો કેવળજ્ઞાન કોઈનું કાંઇ કરે નહીં. પોતાના પરિણામ પણ ન કરે અને જગતના પદાર્થના પરિણામ પણ ન કરે. માત્ર જાણે. પોતાને જાણતાં ચાર ગતિના જીવોના પરિણામ પણ જાણે. માત્ર જાણવું-જાણવું-જાણવું-જાણવું એવો અરિહંત પરમાત્માનો સ્વભાવ

પ્રગટ થઈ ચૂક્યો છે. કેવળ જાણે છે. કંઇ કરતા નથી.

હવે એમ એનામાં જેમ માત્ર દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જાણક સ્વભાવ વ્યાપક થઈ ગયો છે. જેમ સાકરના ગાંગડામાં દ્રવ્યમાં મીઠાશ, એના ગુણોમાં મીઠાશ અને એના પરિણામ પ્રગટ થયા એમાં પણ મીઠાશ-મીઠાશ અને મીઠાશ. એના પરિણામમમાં ક્યાંય કડવાશ કે ખટાશ નથી. એનું નામ સાકર છે. સાકર એનું નામ કે દ્રવ્યે મીઠાશ, ગુણે મીઠાશ અને એની પર્યાયે પણ મીઠાશ જ હોય. પણ દ્રવ્ય અને ગુણોમાં મીઠાશ અને એના પરિણામમમાં ખટાશ કે કડવાશ તો એ સાકર નથી. સાકરનું રૂપ નથી. તો બીજો કોઈ પદાર્થ છે.

કેમકે જેવા દ્રવ્ય અને ગુણો હોય એવા જ એના પરિણામ એની સાથે મળતા આવે ત્યારે એને સાકર કહેવાય, આહાહા! આ ગાથા એવી અમૃત જેવી છે કે જરાક વિચાર કરેને તો અરહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય એની સાથે આપણો આત્મા અત્યારે મળી જાય છે. અત્યારે મેળવવાની વાત ચાલે છે. જ્યારે જીવ સંસારી છે, એની દશામાં મોહ-રાગ-દ્વેષ છે, એ વખતે પણ એનો આત્મા એની સાથે મળે તો જ એના જેવો હું છું, તો જ એનો મોહ નાશ પામેને? એની સાથે મેળવવો છેને? એમ!

તો જે સાકરનો દ્રષ્ટાંત જેમ આપ્યુંને, તો એના આત્મામાં જાણવું, ગુણમાં જાણવું અને પરિણામમમાં જાણવું, જાણવું, જાણવું, જાણવું. એવી સ્થિતિ અહીંયાં છે. એનામાં મોહ રાગ દ્વેષ નથી. કેમકે એની પર્યાયમાં જાણવું થાય છે. અહીંયાં જાણવાની સાથે મેળવવું તો મળે. ત્યાં (અરિહંતમાં) પણ જાણવાની ક્રિયા તો થાય છે, ભલે કેવળજ્ઞાન વડે જાણે. પણ જાણવાની ક્રિયા થાય છેને? ઉપયોગ તો છે એની પાસે. હવે, કહે છે કે એને જાણીને હવે તું તારા આત્માને જાણ. તો તારા આત્મામાં પણ જ્ઞાયકભાવ છે અને ગુણ પણ જ્ઞાયકરૂપ છે, જ્ઞાનરૂપ છે.

એટલે તારા દ્રવ્ય અને ગુણ, એ તો બરાબર સો ટકા એની સાથે મળતા આવે છે. એમાં તો તને શંકા નહીં પડે. કેમકે એનામાં પણ જ્ઞાનગુણ છે અને મારામાં પણ જ્ઞાનગુણ છે. એ જ્ઞાનગુણથી ભરેલું દ્રવ્ય છે. તો હું પણ જ્ઞાનગુણથી ભરેલો એક દ્રવ્ય છું, બરાબર! એટલે દ્રવ્ય અને ગુણ બે તો મળતા આવી ગયા તો ત્યાં સુધી તો તું હા પાડીશ.

હવે જુઓ, એના જે પરિણામ છે પ્રગટ, એની પ્રગટ અવસ્થામાં એ જાણવાની ક્રિયા ચાલે છે. તો તારી જે પ્રગટ અવસ્થા છે એમાં પણ જાણવાની ક્રિયા થાય છે. એનામાં પણ જાણવાની ક્રિયા વગર તો આત્મા રહે જ નહીં. તો-તો આત્મા જડ થઈ જાય. એનામાં પણ જાણવાની ક્રિયા ચાલે છે. અને તારામાં પણ જાણવાની ક્રિયા તો ચાલુ છે.

ઉપયોગ લક્ષણ તો છે. ઉપયોગ તો બધામાં છે, જીવમાત્રમાં. ઉપયોગ એટલે જાણવું, જાણવું-દેખવું તો થયા જ કરે છે. તો જુઓ. એ પણ જાણે છે અને તું પણ જાણશ. એનામાં પણ મોહ નથી તો તારામાં પણ મોહ નથી. તારામાં તો જ્ઞાન છે. તારામાં જે જાણવાની ક્રિયા થાય છે એ તું છો. આ જે મોહ થાય છે એ તો તારું સ્વરૂપ જ નથી. એ તો તારો સ્વભાવ જ નથી, સ્વરૂપ જ નથી. એટલે એને તું ભૂલી જા-એને તું ભૂલી જા. કેમકે ત્યાં જો મોહ હોય તો અહીંયાં મોહ હોય. ત્યાં મોહ નથી એટલે અહીંયાં પણ મોહ નથી.

ત્યાં જ્ઞાન છે પર્યાયમાં. તો અહીંયાં પર્યાયમાં જ્ઞાન થાય છે. હવે જો આટલું મળી ગયું તો હવે

મળી ગયા પછી, એનો અનુભવ કેમ કરવો? એ જરા વિધિ જરા સહેજ છે, એ સમજવા જેવી છે. પણ પહેલા એમ કહે છે કે એના આત્માની સાથે તારા આત્માના દ્રવ્ય, ગુણ, અને પર્યાય મળી જાય છે. જાણવું-જાણવું-જાણવું-જાણવું, એનામાં પણ જાણવું, જાણવું, ક્રિયા થાય છે. મારામાં પણ જાણવા-જાણવાની ક્રિયા થાય છે. તો જાણવાની અપેક્ષાએ વિચારવામાં આવે જ્ઞાન પ્રધાનતાથી, જ્ઞાનના લક્ષણથી, તો બેયમાં સમાનપણું છે. ત્યાં પણ જ્ઞાન થાય છે અને અહીંયાં પણ જ્ઞાન થાય છે.

**જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે.** એટલે પોતાના આત્માને પણ જાણી શકે છે. એનામાં જો જ્ઞાતાદ્રષ્ટાપણું છે, તો મારામાં પણ જ્ઞાતાદ્રષ્ટાપણું છે. એનામાં પણ કર્તાપણું નથી તો મારામાં પણ કર્તાપણું નથી. એનામાં પણ જ્ઞાતાપણું તો મારામાં પણ જ્ઞાતાપણું. એમ પરિણામથી પણ જ્ઞાતાપણું પ્રગટ છે. જાણવાની દશા થઈ રહી છે. એ પણ જાણે છે જ્ઞાનગુણ વડે. હું પણ જ્ઞાનગુણ વડે જાણું છું. એ પણ કર્તા નથી રાગાદિના, તો હું પણ રાગાદિનો કર્તા નથી. હું પણ જાણું ને એ પણ જાણે. બેય જાણવું, જાણવું, - જાણનાર છે એ બેય.

તો એ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી એના રૂપની સાથે આપણું રૂપ બરાબર મળતું આવી શકે છે. એક બીજો અર્થ જે ગુરુદેવે કર્યો. આ તો ઉપરથી મેં (અર્થ) કર્યો (છે). ગુરુદેવે અર્થ કર્યો છે કે એનામાં જાણવું-દેખવું છે અને એનામાં કેવળજ્ઞાન પ્રગટ છે, પર્યાયમાં. પણ મારામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. એનામાં પ્રગટરૂપે છે. મારામાં શક્તિરૂપે તો હું પણ કેવળજ્ઞાનનો કંદ છું. ભલે શક્તિરૂપે છે. પ્રગટ મને નથી થઈ. પણ પ્રગટ થશે. તો એ રીતે પણ શક્તિની અપેક્ષાએ પણ એનામાં કેવળજ્ઞાન પ્રગટ છે તો મારામાં કેવળજ્ઞાન પ્રગટ નથી પણ શક્તિરૂપે છે.

તો એ રીતે પણ એનું દ્રવ્ય, ગુણ, પર્યાયની સાથે મારા દ્રવ્ય, ગુણ, પર્યાય પણ શક્તિરૂપે મળી જાય છે. એમ બે રીતે અર્થઘટન થઈ શકે છે. એક શક્તિરૂપે અને એક વ્યક્ત. એનામાં પણ જાણવું થાય છે અને મારામાં પણ જાણવું. એ પણ રાગના કર્તા નહીં અને હું પણ રાગનો કર્તા નહીં. એ જગતના કાંઇ કર્તા નહીં અને હું પણ જગતનો કાંઇ કર્તા નહીં. એ પણ આત્માને જાણે. હું પણ આત્માને જાણું. એ વ્યવહારે પરને જાણે, હું વ્યવહારનયે પરને જાણું. પણ જાણવું, જાણવું, અને જાણવું એમાં ક્યાંય કરવું આવતું નથી એનામાં. મારામાં પણ કરવું આવતું નથી. હું તો જાણનાર છું. એ જાણનાર છે. એમ બેય રીતે વિચાર કરીને મળતું આવે છે સ્વરૂપ. સમજી ગયા!

મુમુક્ષુ:- હું અત્યાર સુધી શું વિચાર કરતી હતી કે દ્રવ્ય અને ગુણે તો જેવા અરિહંત પરમાત્મા એવો જ હું છું અત્યારે પણ, પણ ભગવાનની પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ ને મારી પર્યાય અશુદ્ધ છે એમ મને (લાગતું હતું).

ઉત્તર:- તો મળતું નહીં આવે ને? દ્રવ્ય, ગુણ અને પર્યાયે ત્રણે એ આપણે મેળવવું જોઈએ. એ એમ કહે છે કે દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણીને એના જેવો હું છું. એટલે દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી એનો ખુલાસો પોતે જ કરે છે આમાં. ચેતન, ચૈતન્ય અને ચિદ્‌વિવર્તન. ચેતન એટલે દ્રવ્ય. ચૈતન્ય એટલે જ્ઞાનગુણ અને ચિદ્‌વિવર્તન એટલે જાણવાની પર્યાય. એનામાં ત્રણ છે. મારામાં પણ

ત્રણ છે. એ મેળવશે પછી, સમજી ગયા? એટલે બરાબર મળી જાય છે, કોઈ વાંધો નથી આવતો.

અને અહીંયાં જે તમે તમારા પરિણામમાં રાગાદિ થાય છે, એને તમે દેખો માં. તમારામાં જે જ્ઞાન થાય છે. એકલું રાગ ક્યાં થાય છે? જ્ઞાન તો થાય છે કે નહીં? એટલે ઉર્ધ્વપણે તો જ્ઞાન થાય છે ને? ઉર્ધ્વપણે, મુખ્યપણે તો તમારામાં જ્ઞાન થાય છે. ક્રોધ થાય તો પણ જ્ઞાન થાય. ક્રોધ ન થાય તો પણ જ્ઞાન તો થાય.

મુમુક્ષુ:- અને જ્ઞાન ન હોય તો જાણે કોણ?

ઉત્તર:- તો જાણે કોણ? એટલે જ્ઞાન વિનાનો જીવ ન હોય. ક્રોધ વિનાનો હોય. રાગ વિનાનો હોય, મોહ વિનાનો હોય, દુખ વિનાનો જીવ હોય પણ કોઈ કાળ એવો ખરો કે જ્ઞાન વિનાનો જીવ હોય? કોઈ જીવ ન હોય. નિગોદનો જીવ પણ જ્ઞાનવાન છે અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય પણ જ્ઞાનવાન છે. કેવળીભગવાન પણ જ્ઞાનવાન છે. જ્ઞાન વિનાનો કોઈ પણ જીવ ન હોય. પર્યાયમાં પ્રગટ, સમજી ગયા? તો એક શક્તિરૂપે મળી જાય છે. એને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું છે અને મને કેવળજ્ઞાન શક્તિરૂપે છે. તો એ દ્રવ્ય, ગુણ ને પર્યાયથી મારુ મળી જાય છે.

અને પ્રગટની અવસ્થાએ જોઉં તો એનામાં પણ જાણપણું ને મારામાં પણ જાણપણું. એ રાગના કર્તા નથી. હું રાગનો કર્તા નથી. એ પોતાના આત્માને જાણે. મારું જ્ઞાન પોતાના આત્માને જાણે. એ લોકાલોકને વ્યવહારે જાણે. હું પરપદાર્થને વ્યવહારે જાણું. બસ જાણવું, જાણવું ને જાણવું જ, જાણવાની જ. દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જાણવું ભરેલું છે.

જાણક-જાણક-જાણક-જાણક-જાણક-જાણક. જેમ સાકરનો ગાંગડો મીઠાશથી ભરેલો છે, દ્રવ્યમાં મીઠાશ, ગુણમાં મીઠાશ અને પર્યાયમાં મીઠાશ. એમ મારો આત્મા દ્રવ્યથી જ્ઞાનમય, ગુણથી જ્ઞાનમય ને પર્યાયથી જ્ઞાનમય છે. એટલે એ રીતે પોતાનો આત્મા અને અરિહંતનો આત્મા મળી જાય છે, સરખો છે. તો પછી એવા આત્માને જે જાણે, એને જાણીને આવો આત્મા મારો છે, સ્વભાવ મારો દ્રવ્ય જ્ઞાનરૂપ, ગુણ જ્ઞાનરૂપ અને જાણવું-જાણવું એ મારી અવસ્થા, તો પછી એવા આત્માને જે જાણે, જાણનાર એવા આત્માને જે જાણે, તો જાણનાર આત્માને, પોતાના આત્માને જાણે, તો એનો મોહ નાશ પામી જાય.

મુમુક્ષુ:- પામી જાય. એટલે મોહ ઉપેર દ્રષ્ટિ જ ન રહે?

ઉત્તર:- મોહનો ક્ષય થઈ જાય. કેમકે જ્યાં આત્માને જાણે ત્યાં મોહ ઉત્પન્ન ન થાય. આત્માને ભૂલીને પરને જાણતો હતો એટલે મોહ થતો હતો. મોહ થવાનું કારણ શું હતું કે પોતાને ભૂલીને પરને જાણે તો મોહ થાય. પોતાને જાણવારૂપે પરિણમે તો મોહનો નાશ પામી જાય. કેમકે મોહ એ તો પરાશ્રિત થાય છે ને? દેહ જણાય તો દેહ મારો પણ દેહ ઉપર લક્ષ છુટી ગયું અને હું તો જાણક સ્વભાવી છું. એવા જાણક સ્વભાવી આત્માને જ્યાં જાણવા જાય કે હું તો જાણનાર, દ્રવ્યમાં જાણવું, ગુણમાં જાણવું, ને પરિણામમાં જાણવું, જાણવું, જાણવું. એવા જાણનાર તત્ત્વને જ્યાં જાણવા જાય ત્યાં નિર્વિકલ્પ અનુભવ થાય અને મોહનો નાશ પામી જાય. સમજી ગયા? ગાથા બહુ ઊંચી છે. ઘણી ઊંચી છે.

તમે અત્યારે જો તમે અરિહંતના દ્રવ્ય, ગુણ પર્યાયને મેળવો અને તમે પછી મોહને યાદ કરો

અને રાગને યાદ કરો કે પર્યાયમાં રાગ છે, દ્વેષ છે. એને તમે ભૂલી જાવ, થોડીક વાર તમે એને ભૂલી જાવ. અને જ્ઞાન થાય છે એમ લ્યો. રાગ થાય છે એમ ન લ્યો. ક્રોધ થાય છે એમ ન લ્યો. જ્ઞાન થાય છે. હું તો જ્ઞાન વિના તો રહેતો જ નથી. ક્રોધ વિના તો રહેવાય. અત્યારે તમે બેઠા છો. તમને કાંઇ ક્રોધ નથી પણ જ્ઞાન થાય છે. તો જ્ઞાન થાય છે તો તમારા આત્માનું અસ્તિત્વ છે. તો ક્રોધ થાય તો જ અસ્તિત્વ હોય તો અત્યારે ક્રોધ નથી તો આત્મા નાશ પામી જાય.

એટલે ક્રોધની સાથે મારે સંબંધ નથી. મારે તો જ્ઞાનની સાથે સંબંધ છે. મારું અસ્તિપણું, મારું હોવાપણું, મારું ટકવાપણું જ્ઞાનથી છે. મારું ટકવાપણું, મારું હોવાપણું, રાગથી નથી. જો રાગથી આત્મા ટકતો હોય તો સિધ્ધ પરમાત્મામાં રાગ નથી. તો સિધ્ધ પરમાત્મા તો આત્માપણે બિરાજમાન છે. રાગ વિના બિરાજમાન છે કે નહીં? એટલે જ્ઞાન સહિત છે અને રાગ સહિત નથી. તો હું પણ અત્યારે જ્ઞાન સહિત છું અને રાગ સહિત નથી. રાગથી રહિત અને જ્ઞાનથી સહિત છું. એમ લેવું, સમજી ગયા?

હું અત્યારે જ્ઞાનથી સહિત છું અને રાગથી હું રહિત છું. દેહથી રહિત, કર્મથી રહિત, રાગથી રહિત છું. હું તો જ્ઞાનથી સહિત છું. બસ! એવો આત્મા મારો છે. હવે, જે દ્રવ્ય, ગુણ અને પર્યાય એના ત્રણ ભેદ પાડ્યા એને પણ અભેદ કરે છે ધીમે-ધીમે. હવે, વિસ્તાર-ટીકા. આ તો ઉપરથી થોડું થોડું તમને સમજાવ્યું. **ખરેખર આત્માને જાણે છે**, **કારણ કે બન્નેમાં**, બન્નેમાં એટલે અરિહંતમાં અને મારામાં **નિશ્ચયથી તફાવત નથી**. વ્યવહારે જે તફાવત છે એ તફાવત ન જો તું. વ્યવહારને તું જોવા જાઇશ તો મોહનો નાશ નહીં પામે. આપણે મોહનો નાશ કરવો છે. **નિશ્ચયથી તફાવત નથી**. જુદાઇ નથી. જેવો એનો આત્મા, એવો મારો આત્મા છે.

**વળી, અર્હંતોનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ) છે.; તેથી તેનું જ્ઞાન થતાં** તેથી તેનું જ્ઞાન થતાં, **સર્વ આત્માનું જ્ઞાન થાય છે.** સર્વ આત્માનું જ્ઞાન થાય છે. એટલે એક અરિહંતને તું જાણ, તો અરિહંતની માફક બધા આત્મા, જગતના બધા આત્માઓ જેને કહેવાય, એ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જ્ઞાન ગુણથી ભરેલા છે. સાકર જોઇએ તો લંડનની સાકર હોય અને જોઈએ તો મુંબઈમાં સાકર હોય અને જોઈએ તો નૈરોબીમાં સાકર હોય. જ્યાં સાકર કહ્યું ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય - ત્રણેમાં મીઠાશ હોય, એનું નામ સાકર છે. દ્રવ્ય ગુણમાં મીઠાશ અને સાકર(ની પર્યાય)માં કડવાશ તો એ સાકર જ નથી. પદાર્થ જ બીજો છે. ક્વિનાઇન છે. ભલે સફેદ છે પણ ગળપણ નથી, મીઠાશ નથી માટે એ સાકર નથી, એમ! જ્ઞાનથી મળી જાય છે. **તેથી તેનું જ્ઞાન થતાં**, એટલે ભગવાન આત્માનું જ્ઞાન થતાં, અરિહંતનું જ્ઞાન થતાં, **સર્વે આત્માનું જ્ઞાન થાય છે**. પોતાના આત્માનું જ્ઞાન થાય છે અને સર્વ આત્માઓ પણ અરિહંત જેવા છે અને અરિહંત જેવો છે, તેવો હું છું અને જેવો હું છું એવા સર્વ આત્માઓ છે. ત્યાં હવે, એને દ્રવ્ય, ગુણ અને પર્યાય, એનું રૂપ બતાવે છે.

**ત્યાં અનવય તે દ્રવ્ય છે**. અનવય એટલે તેનું તે, તેનું તે, તેનું તે, તેનું તે - એનું નામ દ્રવ્ય, અનાદિ અનંત. **અનવયનું વિશેષણ** એટલે કે દ્રવ્ય જે તેનું તે છે, એનું **વિશેષણ તે ગુણ છે**. જ્ઞાન નામનો ગુણ એનામાં રહેલો છે તે તેનું વિશેષણ છે. **અનવયના વ્યતિરેકો** એટલે કે દ્રવ્યના પર્યાયો,

**(-ભેદો) તે પર્યાયો છે**. દ્રવ્ય, ગુણ અને પર્યાય એવું આત્માનું સ્વરૂપ છે. **સર્વત: વિશુદ્ધ એવા તે ભગવાન અર્હંતમાં**, હવે અરિહંત પરમાત્મા જે છે, જેનું રૂપ આપણે જાણવું છે, એ અરિહંતમાં **(-અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં)** એના દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી સ્વરૂપનો ખ્યાલ કરતાં **જીવ ત્રણે પ્રકારમય સમયને** એટલે **(-દ્રવ્યગુણપર્યાયમય નિજ આત્માને) પોતાના મન વડે કળી લે છે-સમજી લે છે-જાણી લે છે**.

કે એનામાં જો જ્ઞાનગુણ છે તો મારામાં પણ જ્ઞાન ગુણ છે. એનામાં જ્ઞાન પર્યાય તો મારામાં પણ જ્ઞાન પર્યાય. એનું દ્રવ્ય જ્ઞાનગુણથી ભરેલું, મારું દ્રવ્ય જ્ઞાનગુણથી ભરેલું. એનું દ્રવ્ય રાગથી શૂન્ય, એનો ગુણ રાગથી શૂન્ય, એની પર્યાય રાગથી શૂન્ય. તો મારો આત્મા રાગથી શૂન્ય, રાગથી રહિત અને જ્ઞાનગુણથી સહિત. મારો આત્મા જ્ઞાનગુણથી સહિત અને રાગથી (રહિત). મારો આત્મા જ્ઞાન પર્યાયથી સહિત અને મારો આત્મા રાગ પર્યાયથી રહિત, એમ! **(-દ્રવ્યગુણપર્યાયમય નિજ આત્માને) પોતાના મન વડે કળી લે છે-સમજી લે છે-જાણી લે છે**.

**તે આ પ્રમાણે છે:** કેવી રીતે જાણી લે છે? આ એનો આત્મા ઓને જાણીને, પોતાના આત્માને કેમ કળી લે છે, જાણી લે છે, ખ્યાલમાં આવી જાય છે એને. ખ્યાલ આવે છે. પોતાનાં આત્માનો પોતાને ખ્યાલ આવે છે. **તે આ પ્રમાણે: 'આ ચેતન છે' એવો જે અનવય તે દ્રવ્ય છે**. હવે, આત્માને દ્રવ્યનું નામ આપે છે ચેતન. ચેતન તે દ્રવ્ય છે. ચેતન એટલે આત્મા. **ચેતન છે એવો જે અનવય તે દ્રવ્ય છે.**

હવે, ગુણની વાત કરે છે. **અનવયને આશ્રિત**, એટલે દ્રવ્યને **આશ્રિત રહેલું ચૈતન્ય એવું જે વિશેષણ તે ગુણ છે**. આત્મામાં ચૈતન્ય નામનો ગુણ છે. એના બે ભેદ કરો: તો જ્ઞાનગુણ અને દર્શન ગુણ. ચેતન તે દ્રવ્ય છે. ચૈતન્ય એનો આત્માનો ગુણ છે. બરાબર!

**અને એક સમયમાત્રની મર્યાદાવાળું**, એની એક સમયની મર્યાદા છે પર્યાયની. બે સમય સાથે ન રહે. **એક સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળ પરિમાણ હોવાથી**, કાળ પરિમાણ, કાળનું માપ, એક સમય માત્ર રહે, એમ! કાળ પરિમાણ, કાળ પરિમાણ, માપ-માપ. **હોવાથી પરસ્પર અપ્રવૃત એવા જે અનવયવ્યતિરેકો (એકબીજામાં નહીં પ્રવર્તતા એવા જે અનવયના વ્યતિરેકો) તે પર્યાયો છે**. પર્યાય એક હોય ને બીજી પર્યાય એ એકબીજામાં મળે નહીં. વ્યતિરેક એટલે જુદી-જુદી પર્યાયો થયા જ કરે. એક પછી એક-એક પછી એક-એક પછી એક. એમ ભિન્ન-ભિન્ન,ભિન્ન-ભિન્ન પર્યાયો થાય, એની વ્યતિરેક નામ જુદી-જુદી પર્યાયો થાય. જેમ ગુણો એક સાથે રહે, એમ પર્યાયો એક સાથે ન રહે. જ્ઞાનગુણની પર્યાય એક હોય. પછી-એ વ્યય થાય અને પછી બીજી પર્યાય, ત્રીજી પર્યાય એમ-વ્યતિરેક એટલે ભિન્ન-ભિન્ન. એક છે તે બીજું નથી અને બીજું છે, તે ત્રીજું નથી, એમ. વ્યતિરેક એટલે જુદાઇ. પર્યાયની જુદાઇ. જ્ઞાનગુણની પર્યાય જુદી-જુદી થયા જ કરે છે, એમ!

**(-એકબીજામાં નહીં પ્રવર્તતા એવા જે અનવયના વ્યતિરેકો)** છે **તે પર્યાયો છે-કે જેઓ ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ છે**. **(-આત્માના પરિણમનની) ગ્રંથિઓ**, એટલે **ગાંઠ છે**. ગાંઠ એટલે પરિણામ. એક-એક સમયનું પરિણામ જે થાય તેને ગ્રંથિ કહેવાય. જેમ દોરો સફેદ, સળંગ હોય એ

દ્રવ્ય છે. એનામાં સફેદપણું છે દોરામાં એ એનો ગુણ છે અને જે ગાંઠવાળો, એક ગાંઠ, બે ગાંઠ, ત્રણ ગાંઠ, ચાર ગાંઠ, એમાં ગાંઠ પાડો, એની પર્યાય થઇ ગઈ. તો એક ગાંઠ છે તે બીજી ગાંઠરૂપે નથી. જુદી-જુદી છે. તેથી તેને વ્યતિરેક કહેવાય. જુદી-જુદી, ભિન્ન-ભિન્ન.દોરો, દોરાનો ગુણ અને દોરાની પર્યાય. એ એની પર્યાય થઈ. સમજી ગયા?

**હવે એ રીતે, ત્રિકાળીકને પણ એક કાળે કળી લેતો તે**, એટલે **(-ત્રિકાળીક આત્માને પણ)**, ત્રિકાળીક એટલે ત્રણે કાળ રહેવાવાળો, ભૂત, ભવિષ્ય અને વર્તમાન. જે એ રીતે **ત્રિકાળીકને પણ** જેમ દ્રવ્ય, ગુણ પર્યાયને જાણી લીધા, એમ એનો પોતાનો આત્મા ત્રણે કાળ રહેનારો એકરૂપ જે છે. **એક કાળે કળી લેતો**, એક સમયમાં જાણી લેતો. **તે જીવ**, જ્યારે એ પોતાના દ્રવ્ય સ્વભાવને જાણવા જાય છે કે હું તો , અનાદિ અનંત, એકરૂપ છું.

એમ જ્યારે એનામાં જાણવા જાય છે ત્યારે શું થાય છે? હવે, કે દ્રવ્યનું અવલંબન લે છે ત્યારે શું થાય છે? કે **જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ**, ઝૂલતો હાર છે મોતીઓનો. એમાં મોતીઓ જે છે એને એક-એક મોતી છે એમ વિચાર ન કરવો. પણ એ હારમાં એને અંતર્ગર્ભિત કરી દેવો. કે એ મોતી ન દેખવો. મોતીને પણ હારરૂપે જોવો, એમ! **મોતીઓને ઝૂલતા** લટકતા **હારમાં સંક્ષેપવામાં આવે છે**. એટલે એ હારપણે ગોઠવવામાં આવે છે. (એને) મોતી તરીકે ન જુઓ તમે. એને આખા હાર તરીકે જુઓ.

**તેમ** દ્રષ્ટાંત. તેવી રીતે, **ચિદ્દવિવર્તોને** એટલે જ્ઞાનની પર્યાયમાં જાણવું-જાણવું-જાણવું થાય છે, એને દ્રવ્યમાં મેળવી દયો. દ્રવ્ય જે સ્વભાવ કહ્યો ચેતન એ ચેતનમાં તમે મેળવી દયો. જેમ લટકતા હારમાં તમે મોતીને ગોઠવી દયો, મેળવી દયો. તમે જુદા મોતી ને ન જુઓ. હારને જુઓ. જ્યાં હારને જોશો ત્યાં મોતી નહીં દેખાય. હાર દેખાશે. એમ તમારા આત્માને અંતર્મુખ થઈને, તમે જે આત્માને જુઓ છો એ આત્મામાં પર્યાયને અંદરમાં મેળવી દયો. એટલે કે પર્યાયનું લક્ષ છોડી દયો. એટલે કે ચિદ્દવિવર્તન જે પર્યાય છે, એનું લક્ષ તમે છોડી દયો.

જેમ ઓમાં મોતીનું લક્ષ છોડશો તો હાર જણાશે એમ, આમાં તમે પર્યાયનું લક્ષ છોડી દયો, **ચિદ્દવિવર્તન** એને ચેતનમાં મેળવી દયો. એટલે ચેતનનું લક્ષ કરતાં પર્યાયનું લક્ષ છૂટી જશે. **ચેતનમાં જ સંક્ષેપીને** અંતર્ગર્ભિત કરીને **(-અંતર્ગત કરીને)** એમાં જ ગોઠવીને,એમાં જ મેળવીને. **તથા વિશેષણવિશેષ્યપણાની વાસનાનું અંતર્ધાન થવાથી**, વિશેષણવિશેષ્યપણા - ગુણ-ગુણીનો ભેદ પણ કાઢી નાખો. વિશેષણ તે ગુણ છે અને વિશેષ્ય તે દ્રવ્ય છે. એટલે દ્રવ્યમાં ગુણ છે, જેમ ઓલા દ્રવ્યમાં, આત્મામાં પર્યાય છે એનું લક્ષ છોડી દયો. એમ આત્મામાં, જ્ઞાન નામનો ગુણ છે એવા ભેદનું લક્ષ પણ છોડી દયો. અભેદનું લક્ષ કરો, એમ!

હારનું લક્ષ કરો. મોતીનું લક્ષ છોડો અને મોતી સફેદ છે એનું પણ લક્ષ છોડી દયો. હાર ઉપર નજર કરો, એમ!

મુમુક્ષુ:- અભેદ એકરૂપ જ આમ.

ઉત્તર:- એકરૂપ અભેદ. પછી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ રહેતો નથી, એમ! **અંતર્ધાન થવાથી** - **જેમ ધોળાશને હારમાં અંતર્હિત કરવામાં આવે છે તેમ** અંતર્હિત એટલે ગુપ્ત, અદ્રશ્ય,

અલોપ, અંતર્ગર્ભિત. **તેમ ચૈતન્યને** એટલે પર્યાયને **ચેતનમાં જ**, એટલે આત્મામાં જ **અંતર્હિત કરીને**, **અંતર્હિત કરીને** એટલે એમાં ગુપ્ત કરીને, અલોપ કરીને પર્યાયને ન દેખો. ગુણને ન દેખો, ગુણભેદને. **ચેતનમાં જ અંતર્હિત કરીને, જેમ કેવળ હારને જાણવામાં આવે છે તેમ** પછી જેમ કેવળ માત્ર હાર જ જણાય છે. હારમાં દોરો જુદો, મોતી જુદા અને સફેદી જુદી. એમ કોઈપણ પ્રકારના ત્રણ પ્રકારના ભેદને ન જુઓ, કેવળ હારને જુઓ, એમ!

હાર છે એ દ્રવ્ય, ગુણ, પર્યાયનો બનેલો છે. એમ આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાયથી ભરેલો છે. **કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં**, એકલા આત્માને જાણતાં પરનું લક્ષ છૂટી ગયું બિલકુલ. **તેની ઉત્તરોત્તર ક્ષણે**, એટલે સમય, સમયવર્તી ક્ષણે, જ્યારે ઉપયોગ આત્માની સન્મુખ થાય છે અને આત્માને જાણવા તરફ જાય છે, વળે છે ત્યારે સમયે-સમયે **ઉત્તરોત્તર ક્ષણે**, સમયે-સમયે, **કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ** આત્મા કર્તા છે અને આ આત્માને જાણ્યો, એવી જાણક પર્યાય પ્રગટ થઈ તે આત્માનું કર્મ છે, એવો ભેદ કાઢી નાખો. અને ક્રિયા, પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ થયો તેનું નામ ક્રિયા. એવા કર્તા આત્મા, આત્માના પરિણામ, જે આત્મા આ આત્માને જાણ્યું, જે જ્ઞાને આત્માને જાણ્યું તે જ્ઞાનનો પર્યાય કર્મ અને પર્યાય ફરી તે ક્રિયા. એમ કર્તા કર્મ અને ક્રિયાએ ત્રણેનો ભેદ તમે દૂર કરો.

આત્મા જ કર્તા ને આત્મા જ કર્મ અને આત્મા જ ક્રિયારૂપ તમે લ્યો. આત્મા કર્તા અને પર્યાય કર્મ એવો ભેદ કાઢી નાખો, એમ! અનુભવના કાળે જો હું કર્તા છું અને આ જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એ મારું કર્મ છે, તો અનુભવ નહીં થાય. તો-તો ભેદ ઉપર જાશે. ભેદ પડી જશે. હવે, અભેદપણે આત્માને જાણવો. દ્રવ્ય, ગુણ અને પર્યાયથી અભેદ. દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આખો આત્મા અભેદને જાણો.

મુમુક્ષુ:- એટલે હું જ આ છું.

ઉત્તર:- હું જ આ છું, બસ! અભેદ.

હવે, આ જે છે એ દ્રષ્ટિપૂર્વક જ્ઞાનની વાત છે. દ્રષ્ટિના વિષયમાં તો એકલું ધ્રુવ જ છે. પણ ધ્રુવનું અવલંબન લીધું ત્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુકતં-સત્, આખો પદાર્થ જાણવામાં આવ્યો. એ જ્ઞાનમાં જ્ઞેય થાય છે. ધ્યાનનું ધ્યેય તો આત્મા છે, ત્રિકાળી દ્રવ્ય. પણ એનું અવલંબન લેતાં જે પરિણામ પ્રગટ થાય એ પરિણામ અને આત્મા - એ બે જુદા નથી, એ એક જ છે. એનું નામ જ્ઞેય કહેવાય, સ્વજ્ઞેય, સ્વજ્ઞેય થયું. દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વજ્ઞેય થયું. અને એકલું દ્રવ્ય તે ધ્યેય-એકલું દ્રવ્ય તે ધ્યેય,પર્યાયથી રહિત ધ્રુવ. અને પર્યાયથી સહિત તે સ્વજ્ઞેય. જ્ઞેયમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવે. અને ધ્યેયમાં એકલું દ્રવ્ય આવે, પર્યાય ન આવે.

મુમુક્ષુ:- અને ત્યરે પર્યાય એનું લક્ષ કરવા જાય છે.

ઉત્તર:- પર્યાય લક્ષ કરવા જાય છે તો પર્યાય અને દ્રવ્ય, પર્યાય પણ આત્મા થઈ જાય. અનુભૂતિ કહો કે આત્મા કહો. શુદ્ધનય કહો કે આત્મા કહો. સમ્યગ્દર્શન કહો કે આત્મા કહો, આત્મા થઈ જાય. પછી પર્યાય ન દેખાય. આત્માપણે જણાય. એ પર્યાયનો ભેદ ન જણાય. કેમકે પર્યાય પોતે આત્મારૂપ થાય છે. એટલે કે કથંચિત્ એમાં તાદાત્મ્ય થાય છે. કથંચિત્. સર્વથા નહીં-

સર્વથા નહીં, કથંચિત્. ભેદ ન દેખાય તે અપેક્ષાએ અભેદ. ભેદ તો છે પણ ભેદ દેખાતો નથી, માટે અભેદ.

**करता करम क्रिया भेद नहीं भासतु है,**
**अकर्तृत्व सकति अखंड रीति धरै है ।**

**(अध्यात्म पंच संग्रह, ज्ञानदर्पण-१४८)**

આત્મા તો અકર્તા જ છે, દ્રવ્યદ્રષ્ટિએ. પણ પર્યાયનયે જોવામાં આવે તો કર્તા, કર્મ અને ક્રિયાનું અનન્યપણું આત્મા એ પણ આત્મા છે, અનુભવના કાળે. આ અનુભવનો કાળ કહે છે. **ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ** એટલે કે ભેદ, જુદાપણું **ક્ષય પામતો જતો હોવાથી, નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે**. રાગથી રહિત, એવો શુધ્ધોપયોગમય આત્મા થઈ અને પોતાના આત્માનો આત્મા અનુભવ કરે છે. ત્યારે દ્રવ્ય ગુણ અને પર્યાય, કર્તા કર્મ અને ક્રિયા, ધ્યાતા ધ્યાન અને ધ્યેય, જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય એવો કોઈપણ પ્રકારનો ભેદ રહેતો નથી, બસ! માત્ર અનુભવ રહી જાય છે. ડૂબકી મારે છે.

**અને એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્ર ભાવને પામેલા),** જ્ઞાનમાત્ર ભાવને પામેલા, **જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે**. મોહ નાશ પામે છે કેમ કે મોહ ત્યાં સુધી હતો કે આત્માને ભૂલીને આત્મા પરપદાર્થ ઉપર લક્ષ કરતો હતો, પરપદાર્થને પોતાનું માનતો હતો ત્યાં સુધી મોહ હતો. હવે, પરપદાર્થનું લક્ષ છોડીને આત્મા આત્માના લક્ષમાં જાય છે, આત્મા આત્માનું શરણ લઈને અનુભવ કરે છે ત્યારે અનુભવના કાળમાં એકલો આત્મા જ જણાણો. તો એકલા આત્માને જાણતા એનો જે મોહ હતો એ નાશ પામી ગયો. મોહનો નાશ પામ્યો.

**જો આમ છે તો મોહની સેનાની જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે**. મારા હાથમાં આવી ગયો ઉપાય કે આ રીતે-આ રીતે, મોહનો નાશ થશે જ. મારા હાથમાં ઉપાય આવી ગયો છે. હવે, એનો જ્યારે હું અમલ કરું તો મોહ નાશ પામશે. મારા હાથમાં ઉપાય આવી ગયો. અત્યાર સુધી મોહના નાશનો ઉપાય મારા હાથમાં નહોતો આવ્યો, આજે મારા હાથમાં આવી ગયો. સોનું બનાવવાની વિધિ મારા હાથમાં આવી ગઇ, ઉપાય હાથમાં આવી ગયો. ભલે સોનુ બનાવતાં કલાક, બે કલાક વાર લાગે પણ મારા હાથમાં ઉપાય આવી ગયો. એટલે હમણાં જ હું હવે બનાવી લઇશ. પ્રમાદ છોડીને, એમ કહે છે.

મુમુક્ષુ:- શરૂઆતમાં વાર લાગશે, પણ ......

ઉત્તર:- પણ પ્રયોગ કરશે ને એટલે એ એનો ઉપયોગ આત્મા તરફ વહ્યો જાશે, વહ્યો જાશે. મારામાં રાગ થાય છે અને દ્વેષ થાય, એ તો ભૂલી જાવ. મારામાં જ્ઞાન થાય છે અને એ જ્ઞાન પણ જ્ઞાયક જણાય એવું જ્ઞાન થઇ રહ્યું છે. બાળગોપાળ સહુને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા જણાઇ રહ્યો છે. તે સ્વીકાર નથી કરતો.

મુમુક્ષુ:- ગુરુદેવ ઘણી જગ્યાએ તે કહે છે.

ઉત્તર:- ઘણી જગ્યાએ લીધું છે ઇ, કે બધાને આત્મા જણાય છે.

આવી વાત સમયસારમાં એક જ જગ્યાએ છે. બીજી જગ્યાએ આવી ખુલ્લી વાત નથી કરી, સ્પષ્ટ વાત, ૧૭-૧૮મી ગાથામાં. કે ખરેખર તો આબાળગોપાળ સહુને અને સદાકાળ, ત્રણેકાળ ઊંઘમાં પણ, ખાતા-પીતા પણ. સદાકાળ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા, નાના-મોટા બધાને - નિગોદના જીવને પણ જાણનારો જ જણાઈ રહ્યો છે. પણ, આ જાણનારો તે હું, એ લક્ષ નથી જતું, અને જે જ્ઞેય જણાય છે પર, એ મને જણાય છે-એ મને જણાય છે. એટલે ભીંત જણાય છે, એટલે એને નકાર કર્યો કે મારો આત્મા નથી જણાતો.

મુમુક્ષુ:- હા, એટલે પરમાં રોકાઈ ગયો.

ઉત્તર:- પરમાં રોકાઈ ગયો કે નહીં? મને ભીંત જણાય છે તો એનો એણે નિષેધ કર્યો કે મને મારો આત્મા નથી જણાતો. નકર એણે શું કરવું જોઈએ? કે મને તો મારું જ્ઞાન જણાય છે, ભીંત નહીં. તો-તો અંદરમાં આવી શકે. પણ મને ભીંત જણાય છે એમ કર્યા કરે, તો એ તો ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય અને મોહ ઉત્પન્ન થયા વિના રહે નહીં. આત્માને જાણ્યા વિના પરને જાણે તો મોહ થાય. આત્માને જાણતાં પરને જાણે તો મોહ ન થાય. આત્માને જાણ્યા પછી પર જણાય, તો એ વ્યવહાર કહેવાય. તો મોહ ઉત્પન્ન ન થાય.

મુમુક્ષુ:- પોતાનું પોતાને ખ્યાલમાં છે કે હું તો આ છું.

ઉત્તર:- હું તો આ છું. અને પછી તમે રાજેશ તમારા જ્ઞાનમાં જણાય, તો રાજેશ મારો છે એમ ન આવે. મારું તો જ્ઞાન છે કેમકે તમે તો જ્ઞાનને ગ્રહણ કરી લીધું. તમે તમારી દ્રષ્ટિમાં જ્ઞાયકને ગ્રહણ કર્યો કે હું તો જ્ઞાયક છું. જ્ઞાયક તે મારું તત્ત્વ છે, જ્ઞાન તે મારું તત્ત્વ છે અને પછી ભલે રાજેશ જણાય. પણ રાજેશ મારો છે એમ એને મોહ નહીં થાય, રાજેશમાં. આત્માને જાણતાં રાજેશ તો જણાશે પણ મોહ નહીં થાય. પણ તમે તમારો ઉપયોગ સ્વરૂપમાં ટકતો નથી. સમ્યગદર્શન તો થયું, ટકાતું નથી એટલે રાજેશ પ્રત્યે રાગ થશે, એ રાગ અસ્થિરતાનો, મોહ વિનાનો.

મુમુક્ષુ:- આગળ જતાં ઓલું જે પહેલાનું જે મારું માનતો હતો,....

ઉત્તર:- મારું માનતો તો એ છૂટી જાય. બસ! રાગ એ ચારિત્રનો દોષ. થોડો દોષ લાગે છે ગૃહસ્થીને, સમજી ગયા? રાગ જો છૂટી જાય, જો મોહ છુટ્યો એમ જો રાગ છૂટી જાય તો-તો તમે કેવળી થઈ જાવ. જો .. હા, પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય. તો વીતરાગી દશા પ્રગટ થતી નથી સાધકને, મોહ જાય છે. અસ્થિરતાનો રાગ રહી જાય છે, સાધકને. હજી ટકાતું નથીને સ્વરૂપમાં, લીન ન થવાય એટલે રાગ રહી જાય. એ ચારિત્રનો દોષ છે. છે તો દોષ જ.

મુમુક્ષુ:- એટલે મુખ્ય જે દોષ હતો એ ટળી ગયો.

ઉત્તર:- બસ! આપણે મુખય દોષ ટળે એનો ઉપાય ગુરુદેવે બતાવ્યો છે, કે જો મોહ ગયો તો રાગ તો લંગડો થઈ ગયો. ઝાડ છે એ વાવાઝોડામાંથી ઊખડી ગયું અને મૂળિયું ઊખડી ગયું, પછી પાંદડા તો લીલાછમ દેખાય છે અને પચાસ ઇંચ પાણી પડે તો પણ સમયે સમયે પાંદડા સુકાય છે. કેમકે ઓલો પ્રવાહ આવતો તો પાણીનો અંદરમાંથી પાંદડાને, એ તો વયો ગયો. એમ મોહ વયો ગયો, નાશ પામી ગયો. પછી થોડું ખાવું, પીવું, કમાવું, રળવું, એવા બધા રાગ થાય, પાપના રાગ. પછી ભગવાનની પૂજા કરવી, સ્વાધ્યાય કરવો, ચિંતવન, એ પુણ્ય રાગ, થાય ખરા બધા ભાવો. પણ

એનાથી જુદો હું છું. એમાં એકતા ન થાય. એને અસ્થિરતા કહેવાય.

**ભાવાર્થઃ- અર્હંતભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે.** જુઓ, સમાન એમ લખે છે. એના જેવો જ હું છું, નિશ્ચયથી. વ્યવહારે ફેર છે એ વ્યવહાર અભૂતાર્થ છે. એ વ્યવહારને અહીં યાદ ન કરવું. તો નહીં મળે.

મુમુક્ષુઃ- નિશ્ચયને જ લેવું?

ઉત્તરઃ- નિશ્ચયને લેવો તો મળતો આવે, એમ!

**વળી અર્હંતભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે, તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે તો "આ જે 'આત્મા, આત્મા' એવો એકરૂપ (કથંચિત્ સદશ) ત્રિકાળી પ્રવાહ તે દ્રવ્ય છે, તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાયો છે" એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે. એ રીતે ત્રિકાળીક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને પછી-જેમ મોતીઓને અને ધોળાશને હારમાં જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ-આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને કેવળ આત્માને જાણતાં પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે**.

એટલે રાગથી રહિત ક્રિયા વિનાનો નિષ્ક્રિય. નિષ્ક્રિય એટલે રાગની ક્રિયાથી રહિત. નિષ્ક્રિય એટલે અહીં પરિણામ લેવું. નિષ્ક્રિય દ્રવ્ય તો છે, પણ ક્રિયાથી રહિત રાગની ક્રિયાથી રહિત થયો, વિતરાગભાવ પ્રગટ થયો. માટે નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે. સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય છે. **અને તેથી મોહ (-દર્શનમોહ) નિરાશ્રિત થયો થકો વિનાશ પામે છે**. મોહને આશ્રય ન રહ્યો પરનો. પરનો આશ્રય ન રહ્યો. સ્વના આશ્રયમાં આવી ગયો આત્મા. તો પોતાનો આશ્રય જ્યારે લે છે ત્યારે મોહનો નાશ થાય. મોહ ઉત્પન્ન જ ન થાય. પર જણાય ને તો પર મારું થાય ને? દેહ જણાય તો દેહમાં મમતા થાય પણ દેહ જણાતો જ નથી.

જ્યારે ઉપયોગ અંદરમાં જાય અને તમે ભગવાનના દર્શન કરવા ગયા અંદરમાં, તો દેહ જણાતો નથી. પણ પર જણાતું નથી તો પછી પર મારું એવો મોહ ઉત્પન્ન ન થાય. નિરાશ્રય એટલે આશ્રય છૂટી ગયો પરનો. સ્વાશ્રિત આવી ગયો. મોહનો નાશ થઈ જાય છે. દર્શનમોહ એટલે મિથ્યાત્વનો નાશ થાય છે. આ મિથ્યાત્વના નાશના ઉપાયની ગાથા છે. જે ગુરુદેવનો પિસ્તાળીશ વર્ષથી બોધ છે કે તમે મિથ્યાત્વ-દુશ્મન, એના જેવો કોઈ દુશ્મન નથી. જગત આખું દુઃખી થઈ રહ્યું છે એ મિથ્યામોહથી દુઃખી. મોહ ગયો, મિથ્યાત્વ ગયો, પછી એ સુખની શરૂઆત થાય છે અને અલ્પકાળમાં એનો મોક્ષ થાય છે.

પછી રાગાદિ થોડા એક, બે, પાંચ ભવ કોઈને હોય, તો એટલા પૂરતો અસ્થિરતાનો રાગ આવે, સ્વરૂપમાં ટકાય નહીં. ટકવાનો પ્રયત્ન કરે છે છતાં બળાત્કાર પણ કરતો નથી, અને પ્રમાદ પણ કરતો નથી. હઠથી નહીં અને પ્રમાદ પણ નહીં, સહજ. જે સ્થિતિ છે એ સ્થિતિમાં જાણતો

આત્માને જાણતો ઠરતો જાય છે, બસ! બહુ ઊંચી ગાથા ૮૦ નંબરની ગાથા છે.

મુમુક્ષુ:- અને આમાં શું છે, તમે જે સમજાવો છોને ત્યારે જે ભૂલ હતી એ ખબર પડી. એટલે આ એવી શૈલી સરસ આવે છે ને તો એવું સરખું સમજાઇ જાય છે.

ઉત્તર:- સમજાઈ જાય. સમજાઈ જાય.

મુમુક્ષુ:-આ તમે આવ્યા ને ત્યરથી આ હું સ્વાધ્યાય ધ્રુવનું ને બીજા બે પ્રશ્નો લખ્યા હતા પણ મને છે ને આડી-આવળી થઇ ગઇ છે ને એવીરીતે કહ્યું કે આ તો ખાસ આના ઉકેલ કરવો છે.

ઉત્તર:- હા ઉકેલ કરવો. એ તમે ગોતી કાઢજો. આપણે લઇ લેશું.

મુમુક્ષુ:- પાછા તમે આવશો ને...

ઉત્તર:- હા ત્યારે.

(બહેનશ્રીના વચનામૃત - છઠ્ઠો બોલ) **સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય. 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રૂંવાટે રૂંવાટા ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૬.**

જેને એ ભૂમિકામાં આવી ગયો અને સમ્યગ્દર્શન થવાનો જેને કાળ પાકી જાય છે એ સમ્યગ્દર્શન પૂર્વે જીવની હાલત શું હોય છે? સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી. પણ સમ્યગ્દર્શન પ્રગટ થવા પહેલા એ જીવની હાલત શું હોય છે?

કે એને ક્યાંય ચેન પડતું નથી. ખટક રહ્યા કરે છે કે મારા શુધ્ધાત્માની પ્રાપ્તિ મને નથી થઈ ત્યાં સુધી કાંઇ નથી. એને કોઈ પાંચ ઇન્દ્રિયના વિષયમાંથી કોઈ વિષયમાં એને અધિકતા લાગતી નથી. કેમકે મારે જોઇએ છે એ મળતું નથી. આ, આ મારો વિષય નથી. પાંચ ઇન્દ્રિયના વિષયમાં મારું જોડાણ થાય છે પણ એ મારું કર્તવ્ય નથી.

મુમુક્ષુ:- એમાં એને રુચે નહીં

ઉત્તર:- એમાં એને રુચે નહીં અને ખટકે. મને મારી વસ્તુ મળતી નથી એમ ખટક રહ્યા કરે.

અને જ્યાં આત્માના સ્વભાવની વાત આવે ત્યાં એને સોંસરવટ ઘા લાગે. એટલે કોઈ વખતે ક્યાંક પણ સ્વભાવની વાત જો આવે તો એને અંદરમાં-અંદરમાં સોંસરવું ઊતરી જાય કે, આહાહા! આવું મારું સ્વરૂપ છે. બસ! એને અંદરમાંથી આહા! થાય. અંદરમાંથી એને ચિત્તની પ્રસન્નતા આવે. અંદરમાંથી એને રૂંવાટા ઊભા થાય, અંદરમાંથી. એટલો પ્રમોદ આવે. એટલી ચિત્તની પ્રસન્નતા આવી જાય, સાંભળતા. પોતાના સ્વભાવની વાત જ્યારે સાંભળે ત્યારે એને બહુ ચિત્તની પ્રસન્નતા આવે, આહાહા! આ વાત મેં કોઈ દિ સાંભળી નહોતી. આ વાત મેં મારા સ્વરૂપની સાંભળી. આવો હું છું એ મને ખબર જ નહોતી. એમ એને સ્વભાવની વાત આવડતાં એનું વલણ સ્વભાવ તરફ થઈ જાય એકદમ.

પછી નવમું (બોલ) - **પુરુષાર્થ કરવાની કળ સુઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે-ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈવાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને કયારેક સહજ**

**જેમ હોય તેમ રહે. ૯.**

આવી એક પૂર્વ ભૂમિકા સમ્યગ્દર્શન થવા પહેલા પૂર્વ ભૂમિકા હોય છે. એમ એનું કહ્યું. સહેજે આવી જાય એમ. **પુરુષાર્થ કરવાની કળ સુઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય**. કે શુધ્ધાત્મામાં કેવી રીતે ઠરવું એવો જે પુરુષાર્થ એની કળ સુઝી જાય કે આમ જવાય ને આમ થવાય તો માર્ગની મૂંઝવણ મટી જાય. તો મોક્ષમાર્ગ એને પ્રાપ્ત થવો સહજ-સરળ થઇ જાય, સુગમ થાય. **પછી કળે કમાય, ધન ધનને કમાવે-ધન રળે તો ઢગલા થાય,તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ** કે સ્વભાવની સન્મુખ થતાં જ આનંદ આવે છે એવી જો કળ હાથમાં આવી ગઇ **એટલે કોઈવાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને કયારેક સહજ જેમ હોય તેમ રહે.** કોઈવાર તો ઉપયોગ અંદરમાં જાય તો આનંદના ઢગલા ને ઢગલા ઉછાળા આવે. અને કોઇ વખતે જેમ હોય તેમ રહી જાય.

બે પ્રકારની સ્થિતિ. ઉપયોગ બહાર હોય તો જેમ છે એમ આનંદ રહે. અને જો ઉપયોગ અંદરમાં વયો ગયો તો એકદમ ઊભરો આવે, ભરતી. જેમ સમુદ્રમાં ભરતી આવે મોજાની અને પછી ઓટ આવી જાય એમ સવિકલ્પ દશામાં ઓટ આવે, નિર્વિક્લ્પ ધ્યાનમાં પાછી ભરતી આવે, એમ! અનુભવ નિશ્ચિત.

મુમુક્ષુ:- જે તમે આ કળ તો બતાવી જ ને કે પહેલા કરતાંપણુ છોડવું

ઉત્તર:- બસ! અને પછી પરનું જાણવું છોડી અને જાણનારને જાણવું, બસ!

મુમુક્ષુ:- અને આ હું બહુ વિચારતી હતી ઘણી વખત એટલે આમ એમ ખ્યાલ આવે કે અંતરનો પુરુષાર્થ થાય એ જ સાચો, પણ આજે તમે વાત કરીને ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ બધુ બહેન કહે છેને કે આજ પુરુષાર્થની કળ થઈ.

ઉત્તર:- આત્માના સ્વભાવ તરફ જતાં અનુભવ થયો, તો હવે એને કળ હાથમાં આવી ગઈ. વારંવાર એ ઉપયોગ પોતાના સ્વભાવની સન્મુખ લઈ અને એમાં ઠરવાનો પ્રયત્ન ચાલુ છે એનો. તો જ્યારે ઠરે ત્યારે ભરતી આનંદની આવે છે અને પછી સવિકલ્પમાં આવે તો આનંદ જેટલો છે એટલો છે, ભરતી નથી આવતી, એટલા પૂરતું. એ પછી ચારિત્રની અપેક્ષાઓ છે. પછી ચારિત્રની અપેક્ષા છે. બીજી વાર ઠરવું ને વારંવાર ઠર્યા કરવું, વારંવાર લીન થવું એ ચારિત્ર છે. એકવાર લીન થઈને મોહનો નાશ કરવો તે સમ્યગ્દર્શન છે. એક જ વખત લીન થાવ તો મોહનો નાશ થઈ જાય. પછી ફરી ફરીને તમે સ્વરૂપમાં લીન થતા જાવ તો એ ચારિત્ર વધે. સમ્યગ્દર્શન ન વધે. સમ્યગ્દર્શન તો પ્રગટ થયું તે થયું. શ્રધ્ધામાં આવી ગયું કે હું જ્ઞાયક આત્મા છું, અકર્તા બસ!

મુમુક્ષુ:- એટલે આમાં શું હતું કે પહેલા કળ જાણવાની જરૂર હતી ને?

ઉત્તર:- કળમાં આ બે ભૂલ છે - એક પરપદાર્થનો હું કરતા છું ને પરપદાર્થનો જાણનાર. એ બે ભૂલ છે. ત્યાં સુધી ઉપયોગ બહાર રહે. હવે પરપદાર્થનો કર્તા નથી ને પરપદાર્થનો જ્ઞાતા નથી. એમાં જગતના પણ પદાર્થ આવી જાય અને પરિણામ પણ પરપદાર્થમાં છે. નવે તત્ત્વોને ભગવાને પરદ્રવ્ય કહ્યા. પોતામાં પરિણામ થાય એને પરદ્રવ્ય, એટલે હું પરદ્રવ્યનો કર્તા નથી અને પરદ્રવ્યનો જ્ઞાતા પણ નથી. હું તો જ્ઞાયકનો જ્ઞાતા છું. એમ વારંવાર જ્ઞાયકનો જ જ્ઞાતા છું. મારા જ્ઞાનમાં

જ્ઞાયક જણાઈ રહ્યો છે. મારા જ્ઞાનમાં આત્મા જણાય છે. મારા જ્ઞાનમાં હું જ જણાઉં છું. મારા જ્ઞાનમાં બીજું કાંઇ જણાતું જ નથી ને! મને તો મારું જ્ઞાન જ જણાય છે. મારો શુધ્ધાત્મા જ જણાય છે. મારો જ્ઞાયક દેવ જણાય છે. મારો ચૈતન્ય આત્મા મને જણાય છે મારા જ્ઞાનમાં.

એમ વારંવાર-વારંવાર વારંવાર-વારંવાર પ્રેકટીસ કરવાથી એક સમય એવો આવી જાય કે ખરેખર એમાં આત્મા જણાઈ જાય. જ્યારે જણાઈ જાય ખરેખર ઓલો વિચારમાં હતો પછી વિચાર છૂટી જાય. માનસિક વિચાર છૂટી જાય પ્રત્યક્ષ અનુભવ થાય. ત્યારે આત્મા ખરેખર જણાયો કહેવાય, આનંદ આવે ત્યારે. આનંદ લક્ષણ છે એનું, અનુભુતિનું લક્ષણ આનંદ છે. અનુભવ થયો, એ કેમ જણાય? કે આનંદ આવે તો જણાય.

ॐ